ગ્રામબંધુ ફેલોશીપ કાર્યક્રમ:

આ કાર્યક્રમની જરૂરિયાત:

વર્તમાન સમયમાં આજે સૌના મન અને જીવન ઉચાટ વાળા બનતા જાય છે. આજે વિશ્વમાં એક પ્રકારનો અજંપો જોવા મળી રહ્યો છે. તેનું કારણ દિશા વિહીન દોડ,લાંબુ વિચારી શકવાની આવડત અને તૈયારીનો અભાવ અને ઘટતા જતાં કુદરતી સંસાધનો અને તેને પરિણામે માનવીય સુખકારીમાં આવતું બિન ટકાઉપણું ખૂબ અગત્યનો ભાગ ભજવે છે.

આ બધી મનોસ્થિતિ વચ્ચે આજનો યુવાન એક નવા પથનો ઘડનારો બનવા ઈચ્છે છે. તેનો થનગનાટ એક નવું, સાતત્યપૂર્ણ જીવન અને એક આમૂલ અને તૃણમૂલ નાવીન્ય ઝંખે છે. પણ કદાચ આવા યુવાનોના સપનાઓ યોગ્ય મંચના અભાવે સવાર ભળતા નથી. ગ્રામબંધુ ફેલોશીપ એ એવા યુવાનોને મંચ પૂરો પાડવાનો પ્રયાસ છે કે જે જીવનમાં કશુંક કરવા માંગે છે. આજે સમાજનો નનામા નાનો એકમ એટલે ગામડું. શું એકાદ ગામડાંને એકમ તરીકે લઈને ચિરંજીવ વિકાસની ખોજ કરી શકાય? આજના યુવાનને એક સમાજને ચિરંજીવ વિકાસ માટે કેવી રીતે જીવી શકાય તેનો પ્રયોગ કરવાની તક આપવા માટેની આ ફેલોશીપ છે. ગ્રામને બંધુ બનાવી બંધત્વનો વિકાસ કરવા માટેની આ ફેલોશીપ છે. અને કદાચ આજે આ કાર્યક્રમની સૌથી વધુ જરૂરિયાત છે. કારણ કે, હવે એક એવી આઝાદીની ખોજમાં નીકળવાનું છે કે જેમાં દિશા જોવાની આઝાદી હોય, સપના જોઈને સાકર કરવાની તકો હોય. બસ એવી ઈચ્છા હોય એ મારા જીવનનો કેટલોક સમય હું અન્ય માટે કાઢી શકું..

કાર્યક્રમના હેતુઓ:

કાર્યક્રમના હેતુઓ

1. એકવીસમી સદીમા ગાંધી વિચારની પ્રસ્તુતતા પ્રસ્થાપિત થાય તેવા ગ્રામીણ ગુજરાતના નવનિર્માણનું મૉડેલ ઊભું કરવું.
2. કોઈ પણ વિશ્વવિદ્યાલયન સ્નાતકો/અનુસ્નાતકોને ટકાઉ વિકાસ માટેના જ્ઞાન, કુશળતા, નિષ્ઠા અને સમજણ વિકસે તે માટે સક્ષમ બનાવવા.
3. આ ગ્રામાભિમુખ કાર્યકરો દેશના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય દૃષ્ટિએ જરૂરિયાત વાળા કાર્યક્ષેત્રના ગામોમાં રહીને ઈચ્છીત પરિવર્તન માટે કામ કરે તે દરમિયાન સમર્થન પૂરું પાડવું.
4. ગુજરાતના ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, કર્મશીલો અને સંલગ્ન સરકારી વિભાગોના નેટવર્ક દ્વારા આ વિચારની સ્વીકૃતિ અને પ્રચાર-પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા.
5. કોઈપણ સ્નાતક કે અનુસ્નાતક જીવનનો અમૂલ્ય સમય સમાજ ઘડતર પાછળ આપવા માંગે તેવા ઉત્સાહી યુવાનોને મંચ અને સમર્થન પૂરું પાડવું.

ફેલોશીપ વિશે:

1. કોણ ફેલો બની શકે?

- કોઈપણ સ્નાતકને આ મંચ આવકારે છે. હા, અનુસ્નાતક હોય તો વધુ સારી રીતે કાર્યક્રમમાં જોડાય શકશો.

2. કેટલો સમય માટે જોડવાનું રહેશે?
   - ફેલોશીપનો સમયગાળો બે વર્ષનો છે.
3. ફેલોશિપનું સ્વરૂપ કેવું હશે?

| ક્રમ | પ્રક્રિયા | સમયગાળો | સ્થળ |
|---|---|---|---|
| 1 | પસંદગી પ્રક્રિયા<br>- 5 દિવસની પ્રથમ કાર્યશાળા<br>- 1 સપ્તાહનો સંસ્થા નિવાસ<br>- 2 દિવસ મુક્ત ચર્ચા | 2 અઠવાડિયા | લોકભારતી અને વિવિધ સંસ્થા |
| 2 | પ્રારંભિક અભિમુખતા | 3 અઠવાડિયા | લોકભારતી |
| 3 | ગ્રામ પસંદગી | 9 અઠવાડિયા | સ્વતંત્ર રીતે, પ્રવાસ અને ગ્રામ નિવાસ |
| 4 | દ્વિતીય સત્ર (રૂબરૂ) | 2 અઠવાડિયા | લોકભારતી કે અન્ય સંસ્થા |
| 5 | ગ્રામનિવાસ | 9 અઠવાડિયા | પસંદ કરેલું ગામ |
| 6 | પંચમહાભૂત મોડ્યુલ | 2 અઠવાડિયા | લોકભારતી |
| 7 | ગ્રામ નિવાસ | 9 અઠવાડિયા | પસંદ કરેલું ગામ |
| 8 | ગામડું એટલે શું, સહભાગી ગ્રામીણ ચકાસણી અને સહભાગી આયોજન, | 2 અઠવાડિયા | લોકભારતી અને વિવિધ ગામો |
| 9 | સ્થાનિક પ્રવાસ | 1 અઠવાડિયુ | પસંદ કરેલ ગામો |
| 10 | ગ્રામનિવાસ | 9 અઠવાડિયા | પસંદ કરેલ ગામ |
| 11 | ગ્રામ અર્થતંત્ર, નાની બચત, વ્યવસાયની તકો, વિપશ્યના | 3 અઠવાડિયા | લોકભારતી |
| 12 | ગ્રામ નિવાસ | 9 અઠવાડિયા | પસંદ કરેલું ગામ |
| 13 | પવનાર યાત્રા | 2 અઠવાડિયા | પવનાર |
| 14 | ગ્રામનિવાસ | 9 અઠવાડિયા | પસંદ કરેલું ગામ |
| 15 | કમ્પ્યુટર, એકાઉન્ટ, વાલી-ગ્રામજન મિલન | 1 અઠવાડિયુ | લોકભારતી |
| 16 | ગ્રામનિવાસ | 9 અઠવાડિયા | પસંદ કરેલું ગામ |
| 17 | નેતૃત્વ વિકાસ, પ્રત્યાયન, | 2 અઠવાડિયા | લોકભારતી |
| 18 | ગ્રામનિવાસ | 9 અઠવાડિયા | પસંદ કરેલું ગામ |
| 19 | પ્રપોઝલ લેખન ગામની રજૂઆત | 1 અઠવાડિયુ | લોકભારતી |
| 20 | ગ્રામનિવાસ, ગામનું લાંબાગાળાનું આયોજન | 9 અઠવાડિયા | પસંદ કરેલું ગામ |
| 21 | દીક્ષા અને નવયુગ સંચરણ | 1 અઠવાડિયુ | લોકભારતી |

આમ કુલ 22 અઠવાડિયા (લગભગ 5 માસ) જેટલો સમય તાલીમ અને પ્રત્યક કાર્યનો રહેશે. તથા બાકીનો 19 માસ જેટલો  સમય પસંદ કરેલા ગામમાં નિવાસ કરવો અનિવાર્ય છે. આ નિવાસ દરમિયાન ગ્રામજનો દ્વારા, ગ્રામજનો માટે, ગ્રામજનોનું કામ કરીશું.

4. આ કાર્યક્રમનો ખર્ચ અને ફીનું ધોરણ શું હશે?
    - આ કાર્યક્રમ એ ફેલોશીપ છે. તેનો વ્યક્તિગત ખર્ચ વર્ષે લગભગ 2.5 લાખ જેટલો આવશે. એટલે કે, 2 વર્ષમાં 5 લાખનો ખર્ચ થશે. જેમાં, બે પ્રકારના ખર્ચ હશે.
        i. તાલીમ દરમિયાન થતો ખર્ચ
            1. તાલીમ દરમિયાન રહેવાં, જમવાનો ખર્ચ,
            2. તાલીમ દરમિયાન સાહિત્ય વગેરેનો ખર્ચ
            3. તાલીમ દરમિયાન તજજ્ઞનો ખર્ચ
            4. મુસાફરી ખર્ચ
            5. પ્રવાસ ખર્ચ વગેરે સામેલ છે.
        ii. ગ્રામનિવાસ દરમિયાન દરેક ફેલોને મહિને 10000 (દસ હજાર) રૂપિયા માનદ ભથ્થું અપાશે. આ ભથ્થું પગાર નથી પણ ફેલોશીપની રકમ છે.
    - આ કાર્યક્રમ માટે મહત્તમ 15 ફેલો જોડાય શકશે. જેમાંથી 10 ફેલો માટે સહાય ઉપલબ્ધ છે. એટલે કે આ દસ મિત્રોએ કાર્યક્રમ સંદર્ભે કોઈપણ ખર્ચ કરવાનો થશે નથી. જ્યારે બીજા 5 ફેલો સ્વખર્ચે કે સ્વ-અનુદાન મેળવીને જોડાય શકશે.
5. હું એકવાર આ ફેલોશીપમાં જોડાઉ પછી અધવચ્ચેથી છોડી શકું?
    - ના. કારણ કે, આ ફેલોશીપમાં આપની માટે કોઈ સંસ્થા કે વ્યક્તિ બે વર્ષનો ખર્ચ કરે છે. એટલે વચ્ચેથી છોડી શકશે નહીં.
    - અનિવાર્ય રીતે છોડવાનું થશે તો તમે જેટલો સમય ફેલોશીપમાં રહ્યાં છો તે સમયગાળાના પ્રતિમાસના રૂપિયા 15000 લેખે સંસ્થાને ચૂકવવા પડશે.
6. મારે કયા ગામમાં કામ કરવાનું થશે?
    - ગામની પસંદગી ફેલો દ્વારા કરવાની થશે. તેમ છતાં રાજ્યના કે દેશના અનેક વિસ્તારો આજે તમને બોલાવે છે. તેનો સાદ સાંભળીને ગમે ત્યાં જય શકશે. ગામ પસંદગીના કેટલાંક માપદંડ છે.
        i. પસંદ કરેલું ગામની વસ્તી 500 થી 2000 ની વચ્ચે હોવી જોઈએ.
        ii. મહિલા સાક્ષરતા 50% કરતાં ઓછી હોવી જોઈએ
        iii. રાજ્ય ધોરીમાર્ગથી 10 કિલોમીટર દૂર હોવું જોઈએ
        iv. ગામમાં એક કરતાં વધુ જ્ઞાતિઓ રહેતી હોવી જોઈએ.
7. શું આ કાર્યક્રમમાં છોકરીઓ જોડાય શકશે?
    - હા. બિલકુલ જોડાય શકે.

૮. કેટલી ઉંમર સુધીના યુવાનો જોડાય શકે?
   - 20 થી 35 વર્ષ સુધીના કોઈપણ યુવાનો જોડાય શકે છે.
૯. કેવી રીતે જોડાય શકાય?
   - અહીં આપેલ ગૂગલ ફોર્મ ભરીને આપ રજીસ્ટ્રેશન કરવી શકશો. છેલ્લી તારીખ 25 સપ્ટેમ્બર, 2023
   - https://forms.gle/HTmcE2kfoUEtZc7s5
   - ફેલોશીપ શરૂ થવાની તારીખ: 2 ઓકટોબર, 2023. (1 ઓકટોબર, 2023 સાંજ સુધીમાં લોકભારતી પહોંચવું. વધુ વિગતની સૂચના તમને ફોર્મ ભર્યા પછી 27 સપ્ટેમ્બરે ફોન દ્વારા અપાશે.

વધુ વિગત માટે

અમિતભાઈ શાહ – 9733132334

પાર્થેશભાઈ પંડયા – 9825412841